# ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ-૩૮૦૦૧૪

જા.નં. ૫૭/વહીવટ/COVID-19/૨૦૨૦-૨૧

તા.૦૪.૦૫.૨૦૨૦

વંચાણે લીધાઃ

૧) ભારત સરકાર, આરોગ્ય મંત્રાલય D.O.No.Z.28015/19/2020-EMR તા.30.0૪.૨૦૨૦

૨) ગુજરાત સરકારના ગૃહવિભાગના જાહેરનામું તા.03.0૫.૨૦૨૦

**પરિપત્રઃ**

ગૂજરાત વિદ્યાપીઠની તમામ વિદ્યાશાખા/વિભાગો/કેન્દ્રો/શાળાઓનાં તમામ ડીન/વડા/સંયોજક/આચાર્ય/ નિયામક/સંચાલકને જણાવવાનું કે વંચાણે લીધેલ ક્રમાંક-૦૧ અને ૦૨ થી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ તા.૦૪.૦૫.૨૦૨૦ થી તા.૧૭.૦૫.૨૦૨૦ સુધી લોકડાઉન લંબાવવામાં આવેલ છે. અમદાવાદ શહેરની તાજેતરની નોવેલ કોરોના વાયરસ (COVID-19)ની પરિસ્થિતિ ધ્યાને લેતાં અમદાવાદ જિલ્લાને ઉપરોકત વંચાણે લીધેલ ક્રમાંક-૦૧ થી રેડ ઝોન જાહેર કરેલ છે. આથી તા.૦૪.૦૫.૨૦૨૦ થી ૧૭.૦૫.૨૦૨૦ સુધી અથવા અન્ય આદેશ ન થાય ત્યાં સુધી ગૂજરાત વિદ્યાપીઠનાં તમામ સેવકોને કોરોના સંક્રમણથી બચાવવા માટે વર્ક ફ્રોમ હોમ મુજબ ફરજ બજાવવાની રહેશે.

નોવેલ કોરોના વાઈરસ (COVID-19)નાં સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ સેવકો સિવાયનાં તમામ વિદ્યાર્થીઓ/ શૈક્ષણિક સેવકો/ સંશોધકો/ બિનશૈક્ષણિક સેવકોએ તા.૧૭.૦૫.૨૦૨૦ સુધી અથવા અન્ય આદેશ ન થાય ત્યાં સુધી ગૂજરાત વિદ્યાપીઠનાં સંકુલો/વિભાગો/શાળાઓ/કેન્દ્રો પર આવવાનું રહેશે નહિ. અપવાદરૂપ સંજોગોમાં જરૂરીયાત મુજબ ન્યુનતમ સેવકો (skeleton staff) સાથે આદરણીય કુલનાયકશ્રીની પરવાનગીથી અનિવાર્ય કામગીરી કરી શકાશે. તમામ સેવકોએ ફરજ પરનું મુખ્ય મથક છોડવાનું રહેશે નહિ અને આવશ્યક ફરજ માટે સ્ટેન્ડબાય રહેવાનું રહેશે. તમામ સેવકોએ ટેકનોલોજીના માધ્યમથી જે તે વિભાગના વડા સાથે જોડાઈ રહેવા સુચના આપવામાં આવે છે જેથી આવશ્યકતા અનુસાર તેમની સેવા મેળવી શકાય.

વધુમાં નોવેલ કોરોના વાઈરસ (COVID-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા ભારત સરકાર/યુ.જી.સી./રાજય સરકાર અન્ય સત્તામંડળનાં આદેશો તથા હવે પછી બહાર પડનારી માર્ગદર્શિકાઓનું પાલન કરવા જણાવવામાં આવે છે.

આ આદેશ આદરણીય કુલનાયકશ્રીની આજ્ઞાનુસાર કરવામાં આવે છે.

(ડૉ. ભરત જોશી)

કા. કુલસચિવ

નકલ સવિનય રવાનાઃ આદરણીય કુલનાયકશ્રી, જાણ સારું.

નકલ રવાનાઃ સંબંધિત તમામ ડીન/વડા/સંયોજક/આચાર્ય/નિયામક/સંચાલકની જાણ તથા અમલવારી સારું.